# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૩૫ કેસ

## કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૧૦૮ પર પહોંચ્યો : એક્ટીવ કેસની કુલ સંખ્યા ૧૬૪૭૫ પર પહોંચી, જ્યારે ૯૨ લોકો વેન્ટીલેટર પર અને ૮૪૭૫૮ લોકો ડિસ્ચાર્જ

ગાંધીનગર,તા.૬

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના ૭૨૫૬૧ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૩૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧૦૪૩૪૧ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૪ના મોત થતા કુલ મૃત્યુઆંક ૩૧૦૮ થયો છે. રાજ્યમાં આજે ૧૨૧૨ ડિસ્ચાર્જ થતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૮૪ હજારને પાર થઈ ૮૪૭૫૮ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ એક્ટિવ કેસ ૧૬૪૭૫ થયો છે. જેમાં ૯૨ વેન્ટીલેટર પર અને ૧૬૩૮૩ સ્ટેબલ છે. રાજ્યમાં સતત છઠ્ઠા દિવસે કોરોના પોઝિટિવનો દૈનિક આંકડો ૧૩૦૦ને પાર થયો છે. સતત વધતા જતા કોરોના કેસથી તંત્રની ચિંતામાં વધારો થઈ રહ્યો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૪ મોત નોંધાત્યા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેરમાં ૩ અને જિલ્લામાં ૨, ગાંધીનગર, ગીર સોમનાથ, કચ્છ, મોરબી, રાજકોટ શહેર અને વડોદરા શહેરમાં ૧-૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૨ અને જિલ્લામાં ૨૧ સાથે ૧૭૩ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૨૫૨૪ થયો છે. આજે વધુ ૩ મોત સાથે મૃત્યુઆંક ૧૭૩૫ થયો છે. સુરત શહેરમાં આજે કોરોનાના કેસ ૩૦૦ની નજીક પહોચ્યા છે. સુરત શહેરમાં ૧૮૫ અને જિલ્લામાં ૧૧૦ સાથે ૨૯૫ કેસ નોંધાયા છે. આ સાથે શહેરના કુલ સંક્રમિતનો આંકડો ૨૨૩૩૭ થયો છે. આજે સુરતમાં ૫ મોત નોંધાતા મૃત્યુઆંક ૬૬૨ થયો છે. વડોદરા શહેરમાં ૯૦ અને જિલ્લામાં ૩૭ કેસ નોંધાયા છે. આ સાથે વડોદરામાં કોરોના સંક્રમિતનો આંકડો ૮૯૩૭ થયો છે. આજે ૧ મોત સાથે મૃત્યુઆંક ૧૪૦ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૧ અને જિલ્લામાં ૫૦ સાથે ૧૫૧ કોરોનાના કેસ નોંધાયા હતા. સાથે કોરોનાના સંક્રમિતનો આંકડો ૫૬૬૪ થયો છે.

# કચ્છમાં બન્ની ઘાસના મેદાનોને ફરીવાર પુનઃસ્થાપિત કરાશે

## જમીનમાંથી ગાંડો બાવળ કાઢવાનો પ્લાન બનાવ્યો અને તેની જગ્યાએ બન્ની ઘાસના મેદાન તૈયાર કરવામાં આવશે

ગાંધીનગર,તા.૬

કચ્છની ગ્રામિણ ઈકોનોમીમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવતા બન્ની ક્ષેત્રની ઘાસના મેદાનો, જે જમીનની વધતી ખારાશ, ક્લાઈમેટ ચેન્જ અને ગાંડા બાવળના કારણે ઘટી રહ્યા હતા. હવે તેને ફરીથી પુનઃસ્થાપિત કરવામાં આવશે.

રાજ્ય સરકારે ૨૦,૦૦૦ હેક્ટર્સ જેટલી જમીનમાંથી ગાંડો બાવળ કાઢવાનો પ્લાન બનાવ્યો છે અને તેની જગ્યાએ ફરીથી બન્ની ઘાસના મેદાન તૈયાર કરવામાં આવશે. કચ્છ જિલ્લામાં બન્ની ઘાસના મેદાનો કુદરતી યુનિક અને ખાસ ઈકોસિસ્ટમનો ભાગ છે. તે એશિયા ખંડમાં ૨૪૯૭ સ્કવેર કિલોમીટરમાં ફેલાયેલા ઘાસના સૌથી લાંબા મેદાનો છે. ઉપરાંત તે બાયોડાઈવર્ટીથી ભરપૂર સ્થાન છે. આ ઘાસના મેદાનો માત્ર ૪૮ ગામના લોકોની આવકનું જ સાધન નથી, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દુકાળનો સામનો કરી રહેલા જિલ્લાના અન્ય લોકો માટે પણ જીવનનિર્વાહ પૂરો પાડતી સપોર્ટ સિસ્ટમ છે. વર્ષો દરમિયાન બન્નીના ઘાસના મેદાનોમાં મોટા ફેરફારો આવ્યા છે. ગુજરાત ઈન્સ્ટીટ્યૂટ ઓફ ડિઝર્ટ ઈકોલોજી દ્વારા ૨૦૦૯માં કરાયેલા અભ્યાસ મુજબ, બન્નીની ઘાસની ભૂમિમાં મોટો ઘટાડો થયો છે. વર્ષ ૧૯૮૯માં આ ઘાસની જમીન ૧,૪૨,૮૮૨ હેક્ટર્સમાં ફેલાયેલી હતી, જે ૨૦૦૯માં ઘટીને ૬૩,૦૭૩ હેક્ટર્સ થઈ ગઈ. ૨૦૦૯ બાદથી પણ આ સતત ઘટી રહ્યું છે એવામાં તે ખતમ થઈ જાય તે પહેલા સરકારે પગલાં લેવા જરૂરી હતા. આ ઘાસના વિસ્તારમાં મોટા ઘટાડાના કારણે ગુજરાત સરકારે ૧૩૮૮ લાખ કિલો ઘાસચારો અન્ય રાજ્યોમાંથી મગાવવો પડ્યો હતો. જેની સરકારી તિજોરી પર ભારે અસર પડે છે. વિસ્તારની ઈકોલોજીને ફરીથી રિસ્ટોર કરવા સાથે જ સરકાર ઘાસચારામાં આત્મ-નિર્ભર બનવાનું લક્ષ્ય રાખી રહી છે.

જંગલ અને પર્યાવરણ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી રાજીવ ગુપ્તા કહે છે, મુખ્યમંત્રીએ બન્ની ઘાસની ભૂમિમાં ઈકોલોજી અને સામાજિક-અર્થતંત્રને પુનર્જિવિત કરવા કહ્યું છે. જીયુઆઈડીઈ અને જીઈસી દ્વારા કરાયેલા અભ્યાસના ઈનપુટ્સના આધારે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટે બન્ની ઘાસની ભૂમિને ફરીથી પાછી લાવવા માટે પાઈલટ પ્રોજેક્ટ શરૂ કરાયો છે.



મોડાસા તાલુકા મંડપ ડેકોરેટર્સની પ્રથમ જનરલ મિટિંગ થઈ જેમાં મુખ્ય મહેમાન તરીકે જીલ્લા પ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ હાજર રહ્યા. જેમાં નવાહોદ્દેદારોની નિમણુંક થઈ જેમાં પ્રમુખ દિલીપ ભાવસાર, ઉપપ્રમુખ મોહસીન ભુરા, મંત્રી ચેતન શાહ/ચીમનભાઈ પટેલ, ખજાનચી નીલય ગાંધી, સંગઠન મંત્રી કલ્પેશ લીમ્બચ, સલાહકાર ઈબ્રાહિમ ભુરા, સરકારના આદેશ મુજબ સોશ્યલ ડીસ્ટનને ધ્યાનમાં રાખી મિટિંગ કરી જેમાં આશરે ૬૦ જેટલા મિત્રોનું રજીસ્ટ્રેશન કર્યું.

# બનાસકાંઠામાં કોરોનાના સાત પોઝિટિવ કેસ નોંધાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં રવિવારે કોરોનાના વધુ ૭ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૪૯ પહોંચી ગઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યાં રવિવારે વધુ ૭ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૪૯ પહોંચી ગઈ છે. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પાલનપુર ૨, દાંતીવાડા ૧, ધાનેરા ૧, કાંકરેજ ૧, ડીસા ૧, ભાભર ૧ મળી કુલ ૭ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેમને સારવાર અર્થે કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે તેમના સંપર્કમાં આવેલા લોકોને હોમ કોરેન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# મોડાસાની પાવનસીટી સોસાયટીમાં લિફ્ટમાં ફસાયુ દંપતી, સ્થાનિકોએ રેસ્ક્યુ કરી બચાવ્યુ

## રાજલી ગામ નજીક ઝાડ બાઈક પર ખાબકતા યુવકનુ મોત

લિફ્ટમાં ફસાઈ જવાથી, લીફ્ટમાંથી પટકાવાની અને લીફ્ટ પટકાવાની ઘટનાઓમાં મોત



નીપજવાની અને ઈજાગ્રસ્ત થવાની ઘટનાઓ સમયાંતરે બની રહી છે. મોડાસા શહેરની મેઘરજ રોડ પર આવેલી પાવનસીટી સોસાયટીની એલ-વિંગ નામની બિલ્ડીંગમાં લિફ્ટ અચાનક ખોટકાતા લિફ્ટમાં રહેલું દંપતી ફસાઈ જતા દંપતીએ ફોન કરી જાણ કરતા આજુબાજુથી લોકો દોડી આવી ભારે જહેમત બાદ લીફ્ટમાંથી દંપતીને બહાર કાઢ્યું હતું. અધવચ્ચે લીફ્ટ ફસાઈ જતા દંપતિ ફફડી ઉઠ્યા હતા. એલ-વિંગમાં રહેતા લોકોએ પાવર બેકઅપ અને મેઈન્ટેનન્સના અભાવે લિફ્ટ ખોટકાઈ હોવાનો આક્રોશ વ્યવક્ત કર્યો હતો.

રવિવારે મેઘ ગર્જના અને ભારે પવન સાથે વીજળીના કડાકા ભડાકા વચ્ચે વરસાદના આગમનથી જીલ્લામાં આફત સર્જી હતી અને ત્રણ અલગ અલગ જગ્યાએ વીજળી પડતા ત્રણ લોકોનો ભોગ લેવાયો હતો. મોડાસાના રાજલી નજીક ઝાડ પર વીજળી પડતા રોડ પરથી પસાર થઈ રહેલ બાઈક પર ઝાડ ખાબકતા ૪ લોકોના શરીરે ઈજાઓ પહોંચી હતી જેમાં એક સગીર ગંભીર ઈજાગ્રસ્ત થયો હતો. બે બાળક અને મહિલાને ઈજાઓ પહોંચતા ચારેય ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા જેમાં ગંભીર ઈજાગ્રસ્ત ચેતનસિંહ લાલસિંહ સોલંકીનું સારવાર દરમિયાન મોત નિપજતાં પરિવારજનોમાં ભારે શોકાગ્નિ છવાઈ હતી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### નવસોને પાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે સે. ૨૬ માં કોરોના કેસો થંભવાનું નામ લેતા નથી. આજે વધુ બે કેસ આ સેક્ટરમાંથી મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

પોલીસ હાઉસીંગમાં સેવારત અને સે. ૨૬ માં રહેતા એક ૨૬ વર્ષીય યુવાનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ માં રહેતા અને જીઆઈડીસીની ખાનગી કંપનીમાં નોકરી કરતા એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરના વાણિજ્ય ક્ષેત્રનું હૃદય ગણાતા સે. ૨૧માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે.

એસ.આર.પી.માં ફરજ બજાવતા અને સે. ૨૧માં રહેતા એક ૩૨ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આ ઉપરાંત પોલીસ વિભાગમાં જ ફરજ બજાવતા એક ૪૦ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આઈ.ટી.આઈ.માં સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવારત અને સે. ૨૭માં રહેતા એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સરકારી શાળામાં વાઘોડિયા ખાતે ફરજો બજાવતા અને સે. ૭ માં રહેતા એક ૪૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને એસ.એમ.વી.એસ.માં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આસિ. ઈજનેર તરીકે સેવારત અને સે. ૪ માં રહેતા એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી વર્ક ફ્રોમ હોમ કરી રહેલા એક ૩૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

બેંક ઓફ બરોડાની વડનગર શાખામાં કેશિયર તરીકે નોકરી કરતા અને સે. ૨૨ માં રહેતા ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સેક્ટર-૩ માંથી વધુ બે કેસ મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. સે. ૩ માંથી એક નિવૃત્ત ૬૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

પાટનગર યોજનામાં સેવક તરીકે કાર્યરત અને સે. ૩ માં રહેતા ૫૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૪ માં રહેતા અને ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે સેવાઓ આપતા એક ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજ સુધીમાં ૭૧૬ લોકો કોરોના મુક્ત થયા છે.

શહેરમાં હાલ ૧૭૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે ૭૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

### ૧૯ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોટસ્પોટ ગણાતા કુડાસણમાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૪૦ વર્ષીય પુરૂષ અને ૨૫ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે. રાંદેસણમાંથી પણ ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઝુંડાલમાંથી ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મિલીટ્રી સ્ટેશન આલમપુરમાંથી આજે ત્રણ કેસ મળતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. અહિંથી એક ૪૨ વર્ષીય મહિલા, ૩૮ વર્ષીય પુરૂષ અને ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બનમાંથી આજે એક કેસ મળી આવેલ છે. ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ અર્બન એરિયામાં સર્વેલન્સને સઘન કરવાની સૂચનાઓ આપી છે.

માણસા તાલુકાના દેલવાડ ગામેથી પણ એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ અને અર્બન એરિયામાં વધુ ૩ કેસ મળી આવ્યા છે.

કલોલના સેમી અર્બન વિલેજ બોરીસણા ગામેથી ૪૪ વર્ષના પુરૂષ તથા ૨૨ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તાલુકાના પ્રતાપપુરા ગામેથી ૭૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બનમાંથી પણ આજે ૩ કેસ મળ્યા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાંથી ૫૪ વર્ષીય મહિલા તેમજ ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૨ માંથી એક ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૧૪૫૬ દર્દીઓ રિકવરી પ્રાપ્ત કરી ચુક્યા છે.

જિલ્લામાં આજે ૧૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૮,૮૧૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

### કાયદો અને કાનૂન... ● ચોથા પાનાનું ચાલુ

ન્યાય અને કાયદા તથા સરકારના સચિવો ઉપર આવો દોષ હાલમાં નાખી દેવામાં આવ્યો છે. ૩૩ ટકા મહિલા અનામતના ઉલટપુલટ ઠરાવથી આખો મામલો બહાર આવતા રાજય સરકાર બેકફુટ ઉપર મુકાયેલ જેમાં કોર્ટ બહાર તમામ જ્ઞાતિ મંડળોને અસર ના થાય તે રીતે રાજય સરકારે કુનેહપૂર્વક સમાધાનનો માર્ગ અખત્યાર કરતા તે મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટે આદેશ જારી કરેલ છે.

૧-૮-૨૦૧૮ ના પરિપત્રનો જો અમલ થઈ ગયો હોત તો જનરલ કેટેગરીના મહિલા ઉમેદવારોને ચોક્કસ નુકશાન થાત અને રાજય સરકારના અધિકારીઓનો પાછલા બારણે ઓપન કેટેગરીમાં અનામત ઘુસાડવાનો પ્રયત્નને નામદાર ગુજરાત હાઈકોર્ટે નિષ્ફળ બનાવ્યો છે. મેરીટમાં આવે તો કોઈપણ કેટેગરીની મહિલા જનરલમાં પસંદગીને લાયક બને છે. સદરહુ અનામતમાં એસ.સી, એસ.ટી., એસઈબીસી અને જનરલનો સમાવેશ થાય છે જે બંધારણે નક્કિ કર્યા મુજબ આપવામાં આવે છે.

### ગરીબ બની શકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટી અર્થવ્યવસ્થા(અમેરિકા, ચીન, જાપાન, જર્મની પછી) હોવાનું ગૌરવ પણ ગુમાવી શકે છે. નિષ્ણાત કહે છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું લોકડાઉન કડક હતું પરંતુ તેમાં ઘણી ભૂલો હતી. તેનાથી અર્થવ્યવસ્થાને નુકસાન થયું છે તેટલું નહીં પરંતુ વાયરસ પણ ઝડપથી ફેલાયો છે. ભારતમાં હવે કોરોના કેસ ખૂબ ઝડપથી વધી રહ્યા છે અને દરરોજ ૮૦ હજારથી વધુ નવા કેસ આવી રહ્યા છે. દેશની આર્થિક પરિસ્થિતિ પહેલાથી જ ડામાડોળ ચાલી રહી છે. ઉપરથી ચીન સાથેની સરહદ પર વિવાદ વકર્યો છે.

પ્રખ્યાત લેખક અરુંધતી રોયે ધ ન્યૂયોર્ક ટાઈમ્સ સાથેની વાતચીતમાં કહ્યું, "એન્જિન ખરાબ થઈ ગયું છે. તેની વિષમ પરિસ્થિતિમાં ટકી રહેવાની ક્ષમતા ખતમ કરી નાખવામાં છે. અને તેના ટુકડા હવામાં ફેંકી દેવામાં આવ્યાં છે, તમને ખબર નથી કે તે ક્યારે અને કેવી રીતે પડશે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના ડેવલોપમેન્ટ ઈકોનોમિસ્ટ જયંતી ઘોષે કહ્યું કે, આઝાદી પછીનો ભારતનો કદાચ સૌથી ખરાબ સમય ચાલી રહ્યો છે.

### હ્યુમન ટ્રાયલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હ્યુમન ટ્રાયલના પ્રથમ તબક્કામાં આ રસી સંપૂર્ણપણે સલામત હોવાનું જાણવા મળ્યું છે. પહેલા તબક્કામાં દેશભરના ૩૭૫ લોકો પર તેનું ટ્રાયલ કરવામાં આવ્યું હતું. કોરોના વેક્સીન માટે થઈ રહેલી પડાપડીને લઈને ગુપ્તચર એજન્સીઓ પણ તેમાં સામેલ થઈ ગઈ છે. ન્યૂયોર્ક ટાઈમ્સના એક લેખમાં રશિયન અને ચીની હેકરોના પ્રયત્નોની વિગતો આપવામાં આવી છે.

અહેવાલ મુજબ રશિયાએ યુ.એસ, કેનેડા અને બ્રિટેનના વેક્સીન રિસર્ચ નેટવર્કને ટાર્ગેટ કર્યો હતો. બીજી તરફ ચીને જે જગ્યાએ હ્યુમન ટ્રાયલ થયું તે યુનિવર્સિટીને હેક કરવાનો પ્રયાસ કર્યો હતો. તો આ તરફ ઈરાને પણ વેક્સીનનો ડેટા ચોરી કરવાના પ્રયત્નો ઝડપી બનાવ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોના રસી વિશે કડક ચેતવણી આપવામાં આવી છે. ડબ્લ્યુએચઓએ જણાવ્યું છે કે અમારા માપદંડ મુજબ, ક્લિનિકલ ટ્રાયલ્સના એડવાન્સ સ્ટેજમાં પહોંચેલી કોઈ પણ રસી કોરોના વાયરસ સામે ૫૦% અસરકારક નથી.

એટલું જ નહીં, આ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ એમ પણ કહ્યું કે અમને અપેક્ષા નથી હોતી કે આવતા વર્ષે એટલે કે ૨૦૨૧ સુધીમાં વિશ્વના તમામ લોકોને રસી મળશે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના ઈન્ડિયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચના એક સંપાદકીય મુજબ, 'નવા અભ્યાસ સૂચવે છે કે ફરીથી કોરોનાનો ચેપ લાગી શકે છે. તેમાં જણાવાયું છે કે શરીરમાં લાંબા સમય સુધી રોગપ્રતિકારક શક્તિ ન રહેવાથી રસીની અસરકારતા પર પણ અસર પડશે. આ રસીની વાસ્તવિક અસર ત્યારે જાણી શકાશે જ્યારે તેનો ઉપયોગ આગામી મહિનાઓમાં જુદી જુદી વસતી પર કરવામાં આવશે.

### દેશમાં દૈનિક કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈસીએમઆરના આધારે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૯૨,૬૫૪ કોરોના કેસની તપાસ થઈ છે જ્યારે અત્યારસુધીમાં ૪,૮૮,૩૧,૧૪૫ લોકોના ટેસ્ટ થયા છે.

રાહતની વાત એ છે કે મૃત્યુદરમાં સતત ઘટાડો અને એક્ટિવ કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. મૃત્યુ દર ઘટીને ૧.૭૨% થયો છે. આ સિવાય સારવાર હેઠળ રહેલા એક્ટિવ કેસનો દર પણ ૨૧% સુધી નીચે આવી ગયો છે. તેની સાથે જ રિકવરી રેટ એટલે કે સ્વસ્થ થનારાનો દર ૭૭% થઈ ગયો છે. ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

આઈસીએમઆરના મતે કોરોના વાયરસના ૫૪% કેસો ૧૮ થી ૪૪ વર્ષના છે, પરંતુ કોરોના વાયરસના ૫૧% મૃત્યુ ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોમાં થયા છે. ૫ સપ્ટેમ્બર સુધીમાં કોરોના વાયરસના કુલ ૪૮ કરોડ ૮૮ લાખ સેમ્પલ ટેસ્ટ થઈ ચૂકયા છે, જેમાંથી ગઈકાલે ૧૧ લાખ સેમ્પલનું ટેસ્ટિંગ ગઈકાલે કરાયું. પોઝિટિવિટી રેટ ૭ ટકા કરતા ઓછો છે.

મહારાષ્ટ્રમાં આંકડા મુજબ દેશમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. મહારાષ્ટ્રમાં બે લાખથી વધુ ચેપગ્રસ્ત લોકોની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે. ત્યારબાદ બીજા નંબરે તમિલનાડુ, ત્રીજા નંબરે દિલ્હી, ચોથા નંબરે ગુજરાત અને પાંચમા ક્રમે પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. એક્ટિવ કેસના કિસ્સામાં ભારત વિશ્વમાં બીજા નંબરે છે. કોરોના સંક્રમિતોની સંખ્યા અને મૃત્યુના સંદર્ભમાં ભારત વિશ્વનો ત્રીજો સૌથી પ્રભાવિત દેશ છે. અમેરિકા અને બ્રાઝીલ બાદ કોરોના મહામારીથી સૌથી વધુ પ્રભાવિત ભારત છે.

### કોઈ જ વેક્સિન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિતિની આસપાસ પણ ક્યાંય પહોંચી શક્યા નથી જે વાયરસના પ્રસાર રોકવા માટે ખૂબ જ જરુરી છે. હર્ડ ઈમ્યુનિટી કોઈ સમાધાન નથી અને ન તો તે એવું કોઈ સમાધાન છે. જેની તરફ આપણે જોવું જોઈએ. આજે મોટાભાગના રિસર્ચમાં એ વાત સામે આવી છે કે, માત્ર ૧૦થી ૨૦ ટકા વસ્તીમાં જ એન્ટીબોડીઝ છે. જે લોકોને હર્ડ ઈમ્યુનિટી પેદા કરવામાં મદદરુપ થઈ શકે છે. જોકે, એટલી ઓછી એન્ટીબોડીઝના દરથી હર્ડ ઈમ્યુનિટી ન મળી શકે. ડબલ્યુએચઓના પ્રમુખે કહ્યું કે, સંયુક્ત રાષ્ટ્રની આરોગ્ય એજન્સી સલામત અને અસરકારક સાબિત થાય તે પહેલાં કોઈપણ કોવિડ -૧૯ રસીનો ઉપયોગ કરવાની ભલામણ કરશે નહીં.

જો કે, વ્યાપક પ્રયોગો પૂરા થાય તે પહેલાં ચીન અને રશિયાએ તેમની રસીઓનો ઉપયોગ શરૂ કરી દીધો છે. ડબ્લ્યુએચઓ ચીફ ટેડ્રોસ અદાનોમ ગેબ્રેયસુસે કહ્યું કે દાયકાઓથી રસીનો સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે. તેમણે શીતળા અને પોલિયો નાબૂદીમાં તેમના યોગદાનનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે હું લોકોને ખાતરી આપવા માંગું છું કે ડબ્લ્યુએચઓ કોઈ અસરકારક અને સલામત ન હોય તેવા રસીનું સમર્થન નહીં કરે. જ્યોર્જિયા યુનિવર્સિટીના સેન્ટર ફોર રસી અને ઈમ્યુનોલોજીના ડિરેક્ટર, ટેડ રોસે એવી સંભાવના વ્યક્ત કરી હતી કે, કોરોના માટેની પહેલી રસી એટલી અસરકારક ન હોઈ શકે. ટેડ રોસ કોરોના વાયરસની રસી પર પણ કામ કરી રહ્યા છે જે ૨૦૨૧ માં ક્લિનિકલ ટ્રાયલ તબક્કામાંથી પસાર થશે.

કેટલાક અન્ય સંશોધકોએ એવો દાવો પણ કર્યો છે કે આપણે સમાન વ્યૂહરચના પર વધારે પડતાં દારોમદાર રાખીને બેસી રહેવું જોઈએ નહીં. વિશ્વભરની લેબ્સમાં ૮૮ રસી પૂર્વ-ક્લિનિકલ ટ્રાયલના તબક્કામાં છે. જેમાંથી ૬૭ વેક્સીન નિર્માતા વર્ષ ૨૦૨૧ ના અંતમાં પ્રથમ ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરશે. રશિયાએ તેની પહેલી કોરોના રસી સ્પુટનિક વીને લોન્ચ કરી દીધી છે.

જો કે, નિષ્ણાતો તેના વિશે શંકાસ્પદ છે કારણ કે મોટી વસ્તી પર પરીક્ષણ કર્યા વિના જ આ વેક્સીનને મંજૂરી આપવામાં આવી છે. જો કે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિને દાવો કર્યો છે કે કોરોના વાયરસથી પીડાતા દર્દીઓ પર આ રસીની સારી અસર થઈ છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, તેમની એક દીકરીને પણ આ રસીનો ડોઝ આપવામાં આવ્યો હતો. વિશ્વભરમાં કોરોના વાયરસ ફેલાવનાર ચીને એક મહિના પહેલા તેના લોકોને વેક્સીન આપી હતી. ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે શનિવારે ખુલાસો કર્યો હતો કે તે ૨૨ જુલાઈથી તેના લોકોને રસી ડોઝ આપી રહ્યાં છે. જોકે, કમિશને એ જણાવ્યું ન હતું કે, ચીનમાં ક્લિનિકલ ટ્રાયલના અંતિમ તબક્કામાં પહોંચેલી ચારમાંથી કઈ રસી લોકોને આપવામાં આવી છે. એટલું જ નહીં, આયોગે એવો દાવો પણ કર્યો હતો કે આ રસીથી લોકો પર કોઈ વિપરીત અસર પહોંચી નથી.

### ગરમાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષથી મુલાકાતનો સમય માંગી રહ્યા છે પણ દર વખતે અમને ના પાડી દેવામાં આવે છે.અમે પાર્ટીમાંથી હકાલપટ્ટીના નિર્ણય સામે પણ અપીલ કરી હતી.છતા પાર્ટીને તેના પર વિચાર કરવાનો સમય મળ્યો નહોતો.

પાર્ટી પર એવા નેતાઓનુ વર્ચસ્વ છે જે પગારના આધારે જાણે કામ કરી રહ્યા છે અને પાર્ટીના પ્રાથમિક સભ્ય પણ નથી.આ નેતાઓ પાર્ટીની વિચારધારા જાણતા પણ નથી.આમ છતા યુપીમાં તેમને પાર્ટીની જવાબદારી સોંપવામાં આવી છે.આવા નેતાઓ કોંગ્રેસની સાથે અડીખમ ઉભા રહેલા બીજા નેતાઓની કામગીરીનુ મુલ્યાંમકન કરે છે. વરિષ્ઠ નેતાઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે અને અપમાનિત કરાઈ રહ્યા છે.અમારી જ્યારે હકાલપટ્ટી થઈ ત્યારે અમને મીડિયા થકી જાણકારી મળી હતી. યુપીમાં યુવક કોંગ્રેસ નિષ્ક્રિય છે.નેતાઓ સાથે કોંગ્રેસ હાઈકમાન્ડે વાતચીત વધારવાની જરુર છે.

### રિયા ચક્રવર્તી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ એનસીબી અને મુંબઈ પોલીસની ટીમ રિયાના ઘર માટે નીકળી ગઈ છે. એનસીબીની ટીમે કહ્યું કે, તે રિયા ચક્રવર્તીને પૂછપરછ માટે સમન્સ આપવા માટે આવી છે અને આ બધુ તેના પર છે કે તે તપાસમાં સહયોગ કરે છે કે નહીં. તે જાતે પણ આવી શકે છે અને ટીમની સાથે પણ આવી શકે છે. એનસીબીના ડેપ્યુટી ડાયરેક્ટરે કહ્યું કે દીપેશ સાવંતની ડ્રગ્સની ખરીદી અને હેન્ડલિંગમાં તેની ભૂમિકા માટે ધરપકડ કરાઈ છે. તેના નિવેદનો અને ડિજિટલ પૂરાવાઓના આધારે તેની ધરપકડ કરાઈ છે. તેને રવિવારે સવારે ૧૧ વાગ્યે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ધરપકડ કરાયેલા લોકોનું ક્રોસ-એક્ઝામિનેશન ચાલી રહ્યું છે.